# ‘સિંહ બચાવો.. જંગલ બચાવો’






**પર્યાવરણ પ્રેમી તથા સમાજ સેવી શીતલ શાસ્ત્રીનો પ્રકૃતિ પ્રેમ**

શહેરના બાળકોને આપણા વન્યજીવો, પ્રકૃતિ તથા કુદરતના સાનિધ્યનો મેળાપ કરાવી 'પ્રકૃતિ સાથે પરિચય કરાવતા' શહેરના શીતલ કે. શાસ્ત્રી અત્યાર સુધીમાં સાડા ત્રણ હજાર બાળકોને સાસણગીર સહિતના જંગલ પ્રવાસ થકી બાળકોમાં પ્રાણીઓ અને પર્યાવરણ જાગૃતિની સમજ આપવામાં આવી હતી.

**છેલ્લાં 2 વર્ષમાં 3500 બાળકોને પ્રકૃતિ સાથે પરિચય કરાવ્યો**

વડોદરા શહેરના પ્રકૃતિ અને પ્રાણીઓ પ્રત્યે લગાવ ધરાવતા પર્યાવરણપ્રેમી તથા સમાજસેવી એવા શીતલ કે શાસ્ત્રી જેઓને વન્યજીવો તથા જંગલો પ્રત્યે ખૂબ લગાવ રહ્યો છે તેઓ વર્ષ-2015 થી વિવિધ પ્રકૃતિના ખોળા ખૂંદી વળ્યા છે અને તે દરમિયાન તેઓને એક વિચાર આવ્યો કે કેમ આપણી આવનારી પેઢીઓમા પર્યાવરણ જાગૃતિ તથા વન્યજીવો ના જીવન તેઓને બચાવવા, જંગલ બચાવવા જાગૃત કરી શકાય અને આવા વિચારો સાથે તેમણે બે વર્ષ અગાઉ એક મુહિમ શરૂ કરી જેમાં 'સિંહ બચાવો, જંગલ બચાવો' થકી લોકજાગૃતિના ભાગરૂપે બાળકોને સાસણગીર સહિતના અભ્યારણની મુલાકાતે લઇ જવાનું નક્કી કર્યું અને શરૂ થયું તેઓનું આ અભિયાન જેમાં માત્ર મામુલી રકમ સાથે બાળકોને બે દિવસ અને એક રાત આ સાસણગીર, દ્વારકા તથા સોમનાથના કુદરતી રમણીય વાતાવરણ, પ્રકૃતિના સાનિધ્યને માણવા, આપણા વન્યજીવો ને નજીકથી જોવા તથા તેઓના જીવન વિશે સમજવા સાથે સાથે આપણા જંગલો થકી પર્યાવરણનું કેવી રીતે જતન કરી શકાય તે વિશે આપણા નવી પેઢીના બાળકોમાં સમજ આપવાનું શરૂ કર્યું છેલ્લા બે વર્ષમાં શીતલ શાસ્ત્રી સાડા ત્રણ હજાર જેટલાં બાળકોને પ્રકૃતિ સાથે પરિચય કરાવી ચૂક્યા છે. બાળકો માટે વડોદરાથી બસની વ્યવસ્થા, બાળકીઓની સુરક્ષા માટે મહિલા ટીચર્સ, સભ્યો સાથે હોય છે માત્ર નજીવા ચાર્જીસ સાથે બાળકો માટે આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી રહ્યાં છે.





## બાળકોમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ







# બિનઆવશ્યક અને નુકશાનકર્તા રાસાયણિક ખાતર જમીનની ગુણવત્તા બગાડે છે, ફળદ્રુપતા ઘટાડે છે






સુભાષ પાલેકર કૃષિ (SPK) વડોદરા જીલ્લા દ્વારા, પદ્મશ્રી ડો.સુભાષ પાલેકર નાં પ્રત્યક્ષ સાનિધ્યમાં ત્રણ દિવસ માટે ખેડૂતો માટે આયોજન કરવામાં આવેલ સુભાષ પાલેકર પંચસ્તરીય ખાદ્ય જંગલ મોડેલ પ્રશિક્ષણ અને ચિંતન શિબિર વડોદરા જિલ્લાનાં શ્રી કશ્યપ રાય, ધર્મેશ પટેલ તથા અન્ય સક્રિય કાર્યકર્તાઓની અથાગ મહેનત અને સમર્પણથી સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ શિબિરમાં ગુજરાતના 600 થી વધુ ખેડૂતોએ ભાગ લીધો અને સુભાષ પાલેકર પંચસ્તરીય ખાદ્ય જંગલ મોડેલ સંબંધિત વિશેષ પ્રશિક્ષણ મેળવ્યું.

**શિબિરમાં ગુજરાતના 600 થી વધુ ખેડૂતોએ ભાગ લીધો અને સુભાષ પાલેકર પંચસ્તરીય ખાદ્ય જંગલ મોડેલ સંબંધિત વિશેષ પ્રશિક્ષણ મેળવ્યું......જીવામૃત એ ખરા અર્થમાં ધરતી પરનું અમૃત છે**

પદ્મશ્રી ડો.સુભાષ પાલેકર પ્રેરિત વિશેષ કૃષિપદ્ધતિ અનુસાર પૃથ્વી પર રહેલ વિરાટકાય વૃક્ષો, વિવિધ વનસ્પતિ તેમજ છોડો ને વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી નાઈટ્રોજન,ફોસ્ફરસ તથા પોટાશ તથા એવા જરૂરી અન્ય તમામ ખનીજ તત્વો ભૂમિની અંદર ભૂગર્ભમાં મોજૂદ રહેલા છે. વૃક્ષો,વનસ્પતિ અને છોડોને વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી એવા કોઈ પણ ખનીજ તત્વોની આપૂર્તિ માટે આવા કોઈ પણ તત્વો કે ખાતર ઉપરથી ઉમેરવાની કે આપવાની જરૂર નથી.

શિબિરાર્થી કિશોરસિંહ બારડ જણાવે છે કે, આ તમામ ખનીજ તત્વોની આપૂર્તિ માટેની જવાબદારી ઈશ્વરે માનવ ને નથી સોંપી. જેમકે જંગલનાં વિરાટકાય વૃક્ષો તેમજ વનસ્પતિઓનાં વિકાસમાં માનવનો કોઈ હસ્તક્ષેપ કે યોગદાન નથી. કુદરતે ગોઠવેલી અભૂતપૂર્વ ઈશ્વરીય વ્યવસ્થા દ્વારા તેમનાં વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી એવા તમામ તત્વોની આપૂર્તિ આપમેળે જ થઈ રહે છે. આની જવાબદારી ઈશ્વરે વિવિધ સૂક્ષ્મ જીવાણુઓ અને દેશી અળસિયાં ને સોંપી છે. આ સૂક્ષ્મ જીવાણુની કોલોની, નિષ્ઠાપૂર્વક તેમની આ જવાબદારી નિભાવે છે,અને દેશી અળસિયાંની મદદ દ્વારા કેશાકર્ષણ શક્તિથી આ તત્વો દ્વારા જમીનની ઉપલી સપાટી ઉપર, વિવિધ વનસ્પતિ અને છોડો નાં મૂળ પાસે લાવી,તેમને સુપાચ્ય અવસ્થામાં પૂરા પાડે છે.

SPK કૃષિપધ્ધતિહેઠળજ્યારેખેતરમાંપાકોનેજીવામૃતતથાઘનજીવામૃતઆપવામાં આવે છે ત્યારે તેમાં રહેલ દેશી ગાયના છાણ તથા ગૌમૂત્રમાં મોજૂદ રહેલ આ સૂક્ષ્મ જીવાણુની કોલોની દ્વારા ખેતી નાં પાકો તથા ખેતર નાં વિવિધ વૃક્ષો,વનસ્પતિ વગેરેને તેમનાં વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી એવા તમામ તત્વોની આપૂર્તિ થઈ રહે છે. બિનઆવશ્યક અને નુકશાનકર્તા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ સદંતર બંધ કરી ફક્ત અને ફક્ત જીવામૃત તથા ઘનજીવામૃતનો ઉપયોગ કરવાથી ફક્ત બેચાર દિવસમાં જ દેશી અળસિયાંની વૃદ્ધિ નજરે ચડે છે,તેમની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થાય છે.જે કાળક્રમે જમીનની ગુણવત્તા અને ફળદ્રુપતા વધારે છે અને બિનઆવશ્યક અને નુકશાનકર્તા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ પાછળનો ખેડૂતોનો ખોટો ખર્ચ અટકાવે છે.

માનવજાતનાં કમનસીબે, કહેવાતું આધુનિક કૃષિ વિજ્ઞાન, કૃષિ વૈજ્ઞાનિકો તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર એજ ભણાવે છે અને બતાવે છે જે અસત્ય તેમને શીખવવામાં આવેલ છે. નહિ કે જે જ્ઞાન અસ્તિત્વમાં છે,પણ એમને શીખવવામાં આવેલ નથી. એ જ્ઞાન આપવામાં તેઓ અસમર્થ છે અથવા ત્યાં તેમનું અજ્ઞાન જાહેર થાય છે. અને કૃષિ વિષયક આ જ્ઞાનથી વિપરીત અજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરે છે,જે ખેડૂતોના હિતને બદલે ફક્ત અહિત જ કરે છે.તેમના દ્વારા પ્રેરિત,બિનઆવશ્યક અને નુકશાનકર્તા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ખોટો ઉપયોગ,જમીનની ગુણવત્તા બગાડે છે, ફળદ્રુપતા ઘટાડે છે અને ખેડૂતોને બિનજરૂરી ખર્ચનાં ખાડામાં ઉતારે છે.

વાતાવરણ માં મિથેન વાયુના પ્રમાણમાં બિનજરૂરી વધારો કરે છે અને ગ્લોબલ વોર્મિંગમાં નકારાત્મક વધારો કરે છે. SPK કૃષિ પધ્ધતિ હેઠળ, મિશ્ર પાક પદ્ધતિ, દ્વારા આ સૂક્ષ્મ જીવાણુની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થાય છે. બિજામૃત, જીવામૃત ,ઘનજીવામૃત, આચ્છાદન, વાફસા તેમજ જૈવવિવિધતાનાં સંયુક્ત ઉપયોગ દ્વારા જમીનની ગુણવત્તા, ફળદ્રુપતા તથા પાક ઉત્પાદનમાં અભૂતપૂર્વ વધારો થાય છે. જીવામૃત એ ખરા અર્થમાં ધરતી પરનું અમૃત છે.

### ફક્ત 1 દેશી ગાયના છાણ તથા ગૌમૂત્ર દ્વારા 30 એકર જમીનની સફળ ખેતી

આજના સમયમાં સમગ્ર માનવજાતનાં કલ્યાણ માટે કેન્દ્ર સરકાર,વિવિધ રાજ્ય સરકારો, આધુનિક કૃષિ વિજ્ઞાન, કૃષિ વૈજ્ઞાનિકો તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ની પવિત્ર ફરજ બની રહે છે કે આ દેશનાં કરોડો ખેડૂતોના હિતમાં આ ભ્રામક અજ્ઞાનનો ફેલાવો સત્વરે અટકાવે અને ફક્ત સત્ય જ્ઞાનનો ફેલાવો કરે. આ દેશનાં કરોડો ખેડૂતોનું કલ્યાણ, આર્થિક આબાદી તથા જમીનની ગુણવત્તા તથા ફળદ્રુપતા વધારવા માટે , રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનાં ઉત્પાદન તથા ઉપયોગ અટકાવી, બિજામૃત, જીવામૃત ,ઘનજીવામૃત , આચ્છાદન , વાફસા તેમજ જૈવવિવિધતાનો સંયુક્ત ઉપયોગ અંગે સમજ આપવા તથા તેના પ્રચાર અને પ્રસાર માટે રાષ્ટ્રીય અભિયાન ,જન આંદોલન એ સમયની માંગ છે. આપણે ખેડૂત હોઈએ તો આ પદ્ધતિ સત્વરે અપનાવીએ, અન્યથા પણ એના પ્રચાર, પ્રસાર તથા તેના ઉત્પાદનનાં ઉપયોગ દ્વારા આ રાષ્ટ્રીય અભિયાન ,જન આંદોલનમાં આપણો યથા શક્તિ ફાળો આપીએ.

## આયુષ્માન કાર્ડનો ચમત્કાર: મોટી અને નામાંકીત હોસ્પિટલ્સમાં થાય છે મફત સારવાર

# સ્તન કેન્સરના દર્દીની આયુષ્માન કાર્ડ લંબાવે છે જીવાદોરી: ભાવનાબેન



સરકારશ્રીની યોજનાઓ હેઠળ મળવાપાત્ર લાભ લેવાથી વંચિતો સુધી લાભો પહોંચાડવા નું માધ્યમ ગરીબ કલ્યાણ મેળા બન્યા છે. તેનો પુરાવો આપતા વડોદરા જિલ્લાના વરણામા ગામના રબારીવાસમાં રહેતા લાભાર્થી ભાવનાબેન પાટણવાડીયાએ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્માન કાર્ડથી વિનામૂલ્યે મળેલી સારવારની સુવિધા માટે સરકારનો ખરા દિલથી આભાર માન્યો હતો.

વરણામા ગામના રબારીવાસમાં રહેતા ભાવનાબેન પાટણવાડીયાને એક વર્ષ પહેલા સ્તન કેન્સર થયું હતું. તેમનું કહેવું છે કે,આ વાતની મને જાણ થઈ ત્યારે હું એકદમ પડી ભાગી હતી. આ એક જીવલેણ બિમારી હતી. આ સમયે મારી પાસે આયુષ્યમાન કાર્ડ પણ ન હતું એટલે મારો પરિવાર પણ ધબરાઈ ગયો હતો. મારી સારવાર એક નામાંકિત ખાનગી હોસ્પિટલમાં થઈ હતી.

લાભાર્થીએ વધુમાં કહ્યું અમને આયુષ્માન કાર્ડની યોજનાની જાણ થતાં એ મેળવવાની પ્રક્રિયા કરી. હવે અમારા પાસે આયુષ્માન કાર્ડ હોવાથી અમને ખાનગી હોસ્પિટલમાં થતા અધધ ખર્ચની ચિંતા ન્હોતી. મારા પરિવારે નિશ્ચિંત થઈને મારી સારવાર કરાવી. અદ્યતન સુવિધાથી સજ્જ એવી ખાનગી હોસ્પિટલમાં એકપણ રૂપિયાના ખર્ચ વગર સારવાર થતાં લાભાર્થી ભાવનાબેન પાટણવાડીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યકત કર્યો હતો. મહત્વનું છે કે, સમાજના ગરીબો અને મધ્યમ વર્ગના લોકોને આયુષ્માન કાર્ડ દ્વારા આવરી લઈને



આરોગ્યલક્ષી તમામ સુવિધાઓ પ્રદાન કરવામાં કેન્દ્ર અને રાજય સરકાર સફળ થઈ રહી છે. ભાવનાબેનની જેમ અનેક ગરીબ અને મધ્યમ વર્ગ માટે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આરોગ્ય સુખાકારીમાં સતત વધારો કરનારી બની છે.